## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, અમારા ધંધામાં મંદી આવી છે... અભ્યાસક્રમ બદલો તો અમારા ગરીબોનું ભલુ થાય...!!**

# ધાબે રસોઈ ઘરમાં રહેલા ગેસના બાટલામાં લીકેજ થતા આગ ભભુકી

## વહેલી સવારે સેક્ટર-૭ સી રહેણાંક મકાનમાં આગ, પી.જી.માં રહેતા વિદ્યાર્થીઓનો આબાદ બચાવ, આગમાં શેડ અને કેટલીક ચીજવસ્તુઓ બળીને ખાક



ગાંધીનગર, તા.૧૧

શહેરના સેક્ટર-૭ સી માં વહેલી સવારે ગેસ સિલિન્ડરમાં લીકેજને પગલે આગ ભભુકી ઉઠી હતી. આગ લાગતા પીજીમાં રહેતા વિદ્યાર્થીઓમાં દોડધામ મચી જવા પામી હતી.

ત્રીજે માળ ધાબા પર શેડ બાંધીને રસોઈ ઘર ચાલતુ હતું. સિલિન્ડરમાંથી ગેસ લીકેજ થતા શેડ તેમજ કેટલીક ચીજવસ્તુઓ બળીને રાખ થઈ હતી હતી. ભોંયતળીયે અને પ્રથમમાળે વિદ્યાર્થીઓ રહેતા હોવાથી તમામનો આબાદ બચાવ થયો છે. બનાવની જાણ થતા ફાયરટીમના જવાનોએ ગણતરીના સમયમાં પાણીનો છંટકાવ કરી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગને પગલે સ્થાનિક નાગરીકોના જીવ પણ પડીકે બંધાયા હતા. બનાવ સ્થળે નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જયારે પી.જી.હોસ્ટેલ ચાલે છે, તે મકાન નિવૃત મામલતદાર વિરમ દેસાઈનું છે.શહેરના સેક્ટર-૭ રહેણાંક વિસ્તારમાં હેતુફેર કોમર્શિયલ પ્રવૃતિઓ ધમધમી રહી છે. આ મુદ્દે સ્થાનિક નાગરીકોએ તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા પરિણામ મળ્યું નથી. તંત્રની બેધારી નિતિન પગલે નાગરીકોએ પણ કોમર્શિયલ પ્રવૃતિઓ સામે હથીયાર હેઠા મુકી દીધા હતા. ત્યારે શહેરના સેક્ટર-૭ સી શિવશકિત મંદિર પાસે પ્લાટ નં.૮૫૫-૧ માં એસીબીના હાથે ઝડપાયેલા નિવૃત મામલતદાર વિરમ દેસાઈનું મકાન આવેલ છે. આ રહેણાંક મકાનમાં છેલ્લા કેટલાક સમયથી ભાડુઆત દ્વારા પી.જી.હોસ્ટેલ ચલાવવામાં આવે છે. ત્રીજા માળે ધાબા પર શેડ બાંધીને રસોડુ ઉભુ કરાયું છે. મકાનમાં અંદાજીત ૨૦ જેટલા વિદ્યાર્થીઓ પીજીમાં રહે છે. ત્યારે વહેલી સવારે રસોડામાં રહેલા ગેસ સિલિન્ડરમાંથી લિકેજને પગલે આગ લાગી હતી. ગણતરીના સમયમાં આગે વિકરાળ સ્વરુપ ધારણ કર્યું હતું. જેથી વિદ્યાર્થીઓમાં નાસભાગ મચી ગઈ હતી. ધુમાડાના ગોટેગોટા દુર દુર સુધી દેખાતા હતા. જયારે આગની ઘટનાને પગલે સ્થાનિક વસાહતીઓ મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. બનાવની જાણ ફાયર વિભાગને કરતા સબ ફાયર ઓફિસર કે.જે. ગઢવી સહિતના સ્ટાફના કર્મચારીઓ દોડી પહોચ્યા હતા.

ગેસના બે સિલિન્ડર નીચે લાવી દીધા હતા. પાણીનો મારો ચલાવી આગ કાબુમાં કરી લીધી હતી.જયારે આગમાં શેડ તેમજ અન્ય ચીજવસ્તુઓ પણ બળીને રાખ થઈ ગઈ હતી. જો આગ વધુ પ્રસરી હોત તો આસપાસના મકાનમાં રહેતા નાગરીકોને પણ ભારે નુકશાની થઈ શકતી હતી. જો સિલિન્ડર બ્લાસ્ટ થયો હોત તો મોટી દુર્ઘટના થવાની સંભાવના હતી.

## ડભોડામાંથી ચોરી થયેલ બાઈક સાથે શખ્સ અમદાવાદમાં ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના ડભોડા મંદિર તરફ જવાના માર્ગ પર પાણીની પરબ પાસેથી બાઈકની ચોરી થવા પામી હતી. બાઈક ચોરી અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

ત્યારે આ ચોરીના બાઈક સાથે શખ્સ અમદાવાદ ક્રાઈમ બાંચના હાથે ઝડપાયો છે. પોલીસે રૂ.૪૦ હજારનું બાઈક કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ અમદાવાદના દસક્રોઈ તાલુકના કુબડથલ ગામના જશુજી ઠાકોર બાઈક નં. જી.જે.૨૭.સી.એ.-૩૪૭૭ લઈને ગત તા.૮ ના રોજ પત્ની સાથે ડભોડા ખાતે તેમના સાળાના ઘરે આવ્યા હતા. ત્યારબાદ બપોરના સુમારે ડભોડા હનુમાનજી મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. તે સમયે બાઈક મંદિર તરફ જવાના માર્ગ પર પાણીની ટાંકી પાસે પાર્ક કર્યુ હતું. દર્શન કરી ત્રણ વાગે પરત આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. બાઈકની આસપાસના વિસતારમાં શોધખોળ કરી હોવા છતા મળી આવ્યું ન હતું. બાઈકનો વિમો ન હોવાથી બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી ન હતી. પરંતુ અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાંથી જશુજી પર ફોન આવ્યો હતો અને જણાવ્યું કે તમારૂ બાઈક એક આરોપી સાથે પકડાયું છે. જેથી જશુજીએ ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. ત્યારે ચોરીના બાઈક સાથે શખ્સને અમદાવાદ પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

●ગાંધીનગર શહેર-જિલ્લામાં ૧ ૩મીએ વરસાદ થવાનું હવામાન-પૂર્વાનુમાન છે.

●ગાંધીનગર શહેર-જિલ્લામાં શાળા-પ્રવેશોત્સવને લઈ આજે રજાના દિવસે પણ કચેરીઓ ચાલુ રહી હતી.

●ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વચ્ચે પવનની લ્હેરખીઓએ લોકોને રાહત આપી હતી.

●ગાંધીનગર શહેરમાં પવનની ગતિ વધતાં કેટલાક સ્થાનો પર હોર્ડિંગ્સ પડી જવા પામ્યા હતા.

●દહેગામના રખિયાલમાં બાઈક-એક્ટીવા વચ્ચે અકસ્માતમાં એકનું મોત અને બે ઘાયલ થયા છે.

●દહેગામ તાલુકાના બહિયલ નજીક આવેલ શક્તિપુરા ખાતે બે જૂથો વચ્ચે અથડામણ થતાં સામ સામે ફરિયાદ નોંધાઈ.

●સાંતેજ પોલીસે દારૂના જથ્થા સાથે બુટલેગરને દબોચી લીધો છે.

●વાસણા ચૌધરી ગામે સરકારી પ્રા. શાળામાં ગેસના બોટલની ચોરી થતાં પોલીસ ફરિયાદ કરાઈ.

●મોટા ચિલોડા ખાતે ટ્રેક્ટર મુકવા બાબતે એક શખ્સ પર ચાર શખ્સોનો હુમલો.

●ગાંધીનગર શહેરમાં યોગ્ય પુરણના અભાવે ખાડા ખુબડવાળા રસ્તાઓ ચોમાસામાં નગરજનો માટે જોખમી બનવાનો સંભવ હોવાની લોકચર્ચા છતાં તંત્ર નિંદરમાં.

●ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર વાવોલમાં પણ પેયજળની સમસ્યાથી રહીશો પરેશાન થયા.

●ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધી જવા પામી છે.



કાયદો અને વ્યવસ્થાની જાળવણીની સાથોસાથ ગુજરાત પોલીસ માનવ સેવા માટે પણ હર હંમેશા તૈયાર રહે છે. હૃદયરોગના હુમલા વખતે દર્દીનું જીવન કેવી રીતે બચાવવુ તેની સીપીઆર તાલીમ પોલીસ વિભાગ માટે યોજાઈ હતી. આ કાર્યક્રમમાં સાંસદ નરહરી અમીને હાજરી આપી હતી.

# માનવ સેવા મંડળ દ્વારા નાસ્તાના પેકેટનું વિતરણ

ગાંધીનગર, તા.૧૧

માનવસેવા મંડળ, ગાંધીનગર તરફથી કૈલાસધામ, રાહેલબા, માવતર વૃદ્ધાશ્રમ ખાતે વૃદ્ધોને તેમજ સમર્પણ મુક બધિર શાળા, સેક્ટર ૨૮ અને અંધજન શાળા સેક્ટર ૧૬ ના બાળકોને બિસ્કિટ અને નાસ્તાના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.માનવ સેવા મંડળના હર્ષિદાબેન સોલંકી તરફથી રૂ.૬૦૦૦, ગજેન્દ્રભાઈ મહેતા તરફથી રૂ.૫૧૦૦, ડોલરભાઈ ભટ્ટ તરફથી રૂ.૫૦૦, ભરતભાઈ લવિંગિયા તરફથી રૂ.૫૦૦, વીરેન્દ્ર શેઠવાલાં તરફથી રૂ.૨૫૧, વિશાલ રાવલ તરફથી રૂ.૨૦૦, વત્સલ મહેરિયા તરફથી રૂ.૧૦૦,



આશિષ દરજી તરફથી રૂ.૧૦૦ અને રાજેશભાઈ જાની તરફથી રૂ.૩૦૦ બેંક અને ગૂગલ પે મારફત દાન મળ્યું હતું.આ સર્વે દાતા મિત્રોનો આભાર વ્યક્ત કર્યો હતો.



ચોમાસુ હવે નજીક છે. ગમે ત્યારે વરસાદી વાતાવરણ સર્જાઈ શકે છે. ચોમાસુ આવે તે પહેલા તંત્રએ પ્રિ-મોન્સુન કામગીરી શરૂ કરી છે. શહેરમાં વરસાદ દરમ્યાન પાણીનો ભરાવો ન થાય તે માટે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનની સફાઈ કરવામાં આવી રહી છે. સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનની ગટરોની સફાઈ માટે મજૂરોને કામે લગાવાયા છે.

## ૨૨ હજાર રોકાણકારોને રાતાપાણીએ રોવડાવ્યા

નડિયાદ, તા.૧૧

આશરે ૨૦૦ કરોડોથી વધુની છેતરપિંડી આચરનાર માસ્ટર સોલ્યુશન કંપનીનો વધુ એક આરોપી એક વર્ષ બાદ પોલીસે દબોચ્યો છે. ખેડા જિલ્લામાં એક વર્ષ અગાઉ કરોડો રૂપિયાની છેતરપિંડીનો મામલો પ્રકાશમાં આવ્યો હતો. જેમાં પુરા રાજયમાંથી ૨૨ હજાર લોકો છેતરાયા હતા. આમાં મુખ્યત્વે સૌથી વધુ શિક્ષિત લોકો જ છેતરાયા હોવાનું સામે આવી હતુ. ભણેલા-ગણેલા લોકો આ છેતરપિંડીના સકંજામાં આવી જતા તેઓની આર્થિક મુશ્કેલીઓ વધી હતી. નડિયાદ અને આસપાસથી ૩૮૭ લોકો અને પુરા રાજયમાંથી લગભગ ૨૨ હજાર લોકો તેમા મોટા ભાગના ભણેલા ગણેલા લોકો ડેટા એન્ટ્રીના નામે ઈન્વેસ્ટ કરી છેતરાયા હતા. આશરે ૨૦૦ કરોડ રૂપિયાનુ ફુલેકું ફેરવી રાજ્ય છોડવાની ફીરાકમા કૌભાંડી રાહુલ વાઘેલાની અગાઉ બનાસકાંઠા પોલીસે ધરપકડ કરી હતી.

# ચિલોડાની સોસાયટીમાં બુલેટને લીસોટા પાડવા મુદ્દે પરિવારે હોબાળો મચાવ્યો

ગાંધીનગર, તા.૧૧

ચિલોડાની અક્ષર પેરેડાઈઝ સોસાયટીમાં રહેતા વસાહતીના બુલેટમાં કોઈએ લીસોટા પાડી દીધા હતા. જેથી સોસાયટીના ગેટ પાસે વસાહતીએ ટ્રેકટર મુકી આવવા-જવા માટેનો રસ્તો જ બ્લોક કરી દઈ સોસાયટીમાં હોબાળો મચાવ્યો હતો. સોસાયટીના સભ્યોએ પોલીસ મથકે જવાની ચિમકી આપતા પરિવારજનોએ મળતિયાઓને બોલાવી ગાળાગાળી-મારામારી કરી હોવાની ફરીયાદ ચિલોડા પોલીસ મથકે નોંધાઈ છે.

ચિલોડા અક્ષર પેરેડાઈઝમાં રહેતા એકસ આર્મીમેન ઘેમરભાઈ કરશનભાઈ ચૌધરીની ફરીયાદ મુજબ ગતરોજ મહાદેવપુરા પાટીયા પાસે મિત્રને અકસ્માત થયો હોવાથી ત્યાં ગયા હતા. સાડા આઠ વાગ્યાના અરસામાં ગાડી લઈને પરત ઘરે આવ્યા હતા. ત્યારે સોસાયટીના ગેટ પાસે ટ્રેકટર પડ્યું હતું અને સોસાયટીના સભ્યો એકઠા થયા હતા. જેમાં ભરત પરષોતમભાઈ પટેલ, મનહરભાઈ રણછોડભાઈ ચૌધરી, નિતિનભાઈ વિનુભાઈ રાવલ, રશ્મિકાંત મણીલાલ પરમાર, ધર્મેન્દ્રકુમાર વિજય બારોટ, પંકજ ભીખાભાઈ બારોટ, અશોક શર્મા નો સમાવેશ થાય છે.સોસાયટીમાં રહેતા અરવિંદભાઈ પટેલે ટ્રેકટર મુક્યું છે અને હટાવવાની ના પાડે છે. સોસાયટીના સભ્યો પોલીસ મથકે રજુઆત કરવા માટે જવાનું નક્કી કરતા દારૂના નશામાં અરવિંદભાઈ પટેલ તેમના દિકરા જૈનમ સાથે દુર ઉભા રહ્યા હતા. તેઓ કહેતા હતા કે અમારા બુલેટને લીસોટા પાડ્યા છે.જેનો ખર્ચ સોસાયટી આપી દે, સોસાયટી ખર્ચના પૈસા કયાંથી આપે.જે વ્યકિતએ લીસોટા પાડ્યા હશે તેને સીસીટીવી કેમેરામાં ચેક કરીએ. જેને લીસોટા પાડ્યા હશે તે ખર્ચ આપશે. આ સમયે અરવિંદભાઈ અને અલ્પાબેન ઘરની ગેલેરીમાં ઉભા રહીને સોસાયટીના સભ્યોને જેમતેમ બોલવા લાગ્યા હતા.જેથી ઘેમરભાઈએ અલ્પાબેનને કહ્યુ કે જે મામલો છે તે અમે બધા ભેગા થઈને પતાવી દઈએ છીએ. ત્યારે જૈનમે ઘેમરભાઈ અપશબ્દો બોલે છે તેમ સમજી તેમને ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. અરવિંદ પટેલ પોતાના ઘરેથી લાકડી લઈ આવ્યા હતા. જેથી સોસાયટીના સભ્યો વચ્ચે પડી ઘેમરભાઈને વધુ મારમાંથી છોડાવ્યા હતા.અરવિંદભાઈએ પોતાના મિત્રો ધ્યેય પટેલ અને મિત પટેલ સહિત દશ ઈશમો સોસાસટીમાં આવી ગયા હતા. તેઓ ગાળાગાળી કરતા ઘેમરભાઈને ઘરે મોકલી દીધા હતા. તેમ છતા શખ્સો તેમના ઘરે જઈ દરવાજો ખખડાવતા હતા. જેથી સોસાયટીના સભ્યો પણ દોડી જતા આ શખ્સોએ સોસાયટીના સભ્યોને મારી નાંખવાની ધમકી આપી જતા રહ્યા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શાંતિ, સલામતી અને સેવાની સાથે હવે સ્વાસ્થ્યનો રંગ પણ 'ખાખી'

ગાંધીનગર,તા.૧૧

ગુજરાત પોલીસના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ૫૧ સ્થળોએ ૫૦,૦૦૦ કરતા પણ વધુ પોલીસ જવાનોને CPR (Cardiopulmonary Resuscitation) પ્રશિક્ષણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા સિવિલ ઓડિટોરિયમ, ગાંધીનગર ખાતે CPR ટ્રેનિંગના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મેયર એ જણાવ્યું હતું કે નાગરિકોની સુરક્ષા અને સલામતી માટે કાર્યરત પોલીસ જવાનો હાર્ટએટેકના સમયે CPR ટ્રેનિંગ થકી નાગરિકોને પ્રાથમિક સારવાર પુરી પાડવામાં મદદરૂપ બનશે. આ કાર્યક્રમમાં




રાજ્યસભાના સાંસદ નરહરિભાઈ અમીન, ધારાસભ્ય રીટાબેન પટેલ, જે.એસ.પટેલ, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેન જશવંતભાઈ પટેલ, શહેર પ્રમુખ રુચિરભાઈ ભટ્ટ, પોલીસ વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આઈસર ચાલકે કાબુ ગુમાવતા
## ક-૫ સર્કલ પાસે સીસીટીવીનો થાંભલો-ડેરીની દિવાલ તોડી પાડી

ગાંધીનગર, તા.૧૧

આઈસર ટ્રકના ચાલકે પોતાની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ક-૫ સર્કલ પાસે સીસીટીવી કેમેરાના થાંભલાને અને અમુલ ડેરીની દિવાલને ટકરાતા પડી ગઈ હતી. ત્યારે ટ્રક ચાલક સામે અમુલ ડેરીમાં ફરજ બજાવતા અધિકારીએ રૂ.૨ લાખના નુકશાન અંગે ફરીયાદ નોંધાવી છે. મળતી વિગત મુજબ ગાંધીનગરના કુડાસણ ખાતે રહેતા અને અમુલ ફેડ ડેરી પેકેજીગ ફીલ્મ પ્લાન્ટમાં સેકટર-૨૫ ખાતે પ્લાન્ટ મેનેજર તરીકે ઉર્મિલ સોરઠીયા છેલ્લા ૨૩ વર્ષથી ફરજ બજાવે છે. ઉર્મિલ સોરઠીયા ઘરે હાજર હતા તે સમયે અમુલ ડેરી પેકેજીગ પ્લાન્ટના સિકયુરીટી સુપરવાઈઝરનો ફોન આવ્યો હતો. તેઓએ જણાવ્યું કે એક આઈસર ટ્રક નં. જી.જે. ૦૪. એ.ટી.-૬૯૬૩ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે ટ્રક હંકારી અમુલ ફેડ ડેરીની દિવાલ સાથે ટકરાયો છે અને દિવાલ તોડી નાંખી છે. જયારે ક-૫ પાસે સીસીટીવી કેમેરાના થાંભલાને પણ ટકકર મારી પાડી નાંખ્યો છે. જેથી ઉર્મિલ સોરઠીયા ડેરી પહોંચી ગયા હતા અને જોયુ તો દિવાલ તુટી ગઈ હતી અને ટ્રક ચાલક પણ હાજર હતો. ટ્રક ચાલકનુ નામ પુછતા તેણે જગદીશ લવજીભાઈ સોલંકી (રહે.તણસા ગામ તા. ઘોઘા,જી.ભાવનગર) હોવાનું જણાવ્યું હતુ. જયારે ડેરીની ૧૫ મીટર લોખંડની જાળીવાળી દિવાલને ટકકર મારી પાડી નાંખી હતી.જેનું અંદાજીત રૂ. ૨ લાખ નુકશાન કરતા ડેરીના અધિકારીએ ટ્રક ચાલક સામે ફરીયાદ નોંધાવી છે.

# સે- ૧૪ ખાતે નિઃશુલ્ક જ્ઞાન શાળાનું ઉદ્‌ઘાટન રીટાબેન પટેલના હસ્તે કરાયું



ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરિટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા સેક્ટર ૧૪ ખાતે નિઃશુલ્ક જ્ઞાન શાળા કરવામાં આવી છે જેનું ઉદ્‌ઘાટન ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટા બેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા સન્માન પત્ર આપી રીટા બેન પટેલ ધારા સભ્ય નું સન્માન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં રીટા બેન પટેલે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે ડૉ પટેલ નું ખૂબ સારું કામ છે.બાળકોને ભારતના ઈતિહાસ શિક્ષણ આપવાનું અનન્ય કાર્ય કરી બાળકોમાં રાષ્ટ્ર ભાવના પેદા કરવાનું કાર્ય સુંદર છે.ઉપસ્થિત વસાહતીઓ અને બાળકોને વૃક્ષ વાવવાનું પાણી બચાવવાનું અને દેશ માટે કંઈક કરી છૂટવાની શીખ આપી હતી. પ્લાસ્ટિક ની થેલી ન વાપરવાની પણ ઉમદા વાત તેઓએ કરી હતી. આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી ના વોર્ડ નંબર ૬ ના પૂર્વ પ્રમુખ મફત ભાઈ દેસાઈ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.